# વિદ્યાર્થીઓને ઉત્સાહપૂર્વક જીવન જીવવાની શૈલી શીખવાડવા LDRPમાં શિબિર યોજાઈ

» સંસ્થા દ્વારા ૬ દિવસિય જીવન વિદ્યા પરિચય શિબિર યોજાઇ

નવગુજરાત સમય > ગાંધીનગર





કડી સર્વ વિશ્વવિદ્યાલયના છાત્રોને ઉત્સાહપૂર્વક જીવન જીવવાની શૈલી શિખવાડવા માટે ખાસ ૬ દિવસીય જીવન વિદ્યા પરિચય શિબિરનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યુ હતું. તેમાં ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

અત્રેના સેક્ટર-૧૫માં આવેલી એલડીઆરપી સંસ્થા ખાતે કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા જીવનવિદ્યા એટલે કે સ્વયંમાં વિશ્વાસપૂર્વક જીવવાનો વિવેક અને વિજ્ઞાન. આ વિષય ઉપર સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત આ પ્રકારની શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. તેનો ઉદ્દેશ એવો હતો કે ઉત્સાહપૂર્વક કેવી રીતે જીવી શકાય. માનવી કેવો છે, માનવીની ભૂમિકા શું છે, માનવી સંવાદિતાપૂર્વક પોતાની સાથે, પરિવાર સાથે અને સમાજ સાથે કેવી રીતે જીવી શકે. તે તમામ બાબતોની સમજણ આપવામાં આવી હતી. જીવનમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધારી સફળતા મેળવવા માર્ગદર્શન અપાયુ હતું.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી પણ યોજવામાં આવી હતી. શિબિરનો આરંભ સંસ્થાના ચેરમેન વલ્લભભાઇ પટેલે કરાવ્યો હતો. વક્તા પદે સુરેશ પટેલ હાજર રહ્યાં હતાં. તે ઉપરાંત સંચાલન ડો.ધર્મેન્દ્ર પટેલ, બીના પ્રજાપતિ, નિષ્ઠા મહેતા, સ્મિત પટેલ, પાર્થ પટેલ, ગુંજન પનારા, અદિતી પટેલ, સુંરજ મુંજાણી, મીત કોયાણી વગેરે દ્વારા કરવામાં આવ્યુ હતું.

Scanned by CamScanner

દિવ્ય ભાસ્કર 1st Feb. 2018

# વિદ્યાર્થીઓને તાજગીભર્યુ જીવન જીવવાની તાલીમ

ગાંધીનગર | કડી સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ માટે 6 દિવસીય જીવન વિદ્યા પરિચય શિબિર એલડી આરપી કોલેજ ખાતે યોજાઇ હતી. જેમાં વિદ્યાર્થીઓને રોજબરોજ તાજગીભર્યુ જીવન જીવવાની તાલીમ અપાઇ હતી.

## જીવન વિદ્યા પરિચય અંગેની શિબિર યોજાઇ



ચૌધરી કોમર્સ કોલેજમાં સ્ટુડન્ટ્સે વિવિધ ડેઝ સેલિબ્રેટ કર્યા હતાં.

આ પ્રસંગે સંયોજક ડૉ. ધર્મેન્દ્ર પટેલે કહ્યુ હતું કે, જીવનવિદ્યા એટલે સ્વયંમાં વિશ્વાસપૂર્વક જીવવાનો વિવેક અને વિજ્ઞાન. સમગ્ર ગુજરાતમાં પ્રથમવાર જીવન વિદ્યા પરિચય શિબિર યોજાઇ હતી. જેનો મુખ્ય ઉદ્દેશ્ય રોજબરોજ ઉત્સાહપૂર્વક કેવી રીતે જીવી શકાય તેની સ્પષ્ટતા પોતાની જાતે જ ઉભી કરવાની તક આપે છે. સમગ્ર અસ્તિત્વનમાં શું છે, કેવી રીતે છે, માનવનું કેવું સ્થાન, માનવની શું ભૂમિકા છે, માનવ સંવાદિતા પૂર્વક કેવી રીતે જીવી શકે, પોતાની સાથે, પરિવાર સાથે સમાજ સાથે અને સમગ્ર અસ્તિત્વ સાથે, તેની સમજ આપવામાં આવી હતી. આ જીવન વિદ્યા અભ્યાક્રમ આઇઆઇટી દિલ્હી, કાનપુર અને હૈદરાબાદ સહિતમાં અભ્યાસ કરાવવામાં આવે છે. કાર્યક્રમમાં યુનિ.ના ડાયરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા, મનન પટેલ, બોની પ્રજાપતિ અને નિષ્ઠા મહેતા ઉપસ્થિત રહ્યાં હતાં. શિબિરમાં પ્રબોધક તરીકે સુરેશ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

Scanned by CamScanner

1st Feb. 2018

ગાંધીનગર સમાચાર

### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

# ૬ દિવસીય જીવન વિદ્યા પરિચય શિબિર યોજાયો



## વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ મોટી સંખ્યામાં શિબિરમાં ભાગ લીધો

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૬ દિવસીય જીવન વિદ્યા પરિચય શિબિરનું આયોજન એલડીઆરપી, સૅક્ટર-૧૫ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે જીવનવિદ્યા અભ્યાસક્રમ આઈઆઈટી, દિલ્હી, કાનપુર, હૈદરાબાદ, પંજાબ ટેકનીકલ યુનિવર્સિટીમાં પણ ભણાવવામાં આવે છે. શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે યુનિવર્સિટીના ડિરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા અને ડૉ. ધર્મેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શિબિર સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી, જેનું સફળ આયોજન અને સંચાલન ડૉ. ધર્મેન્દ્ર પટેલ, મનન પટેલ, બોની પ્રજાપતિ, નિષ્ઠા મહેતા, સ્મિત પટેલ, પાર્થ પટેલ, ગુંજન પનારા, અદિતિ પટેલ, સુરજ મુંજાણી, મીત કોયાણી, વિજેન્દ્ર દેવડા, તાહેર ત્રવાડી, તાહેર તીનાવાલા અને જૈનમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

Scanned by CamScanner

# 6 દિવસીય જીવન વિદ્યા પરિચય શિબિર



વિદ્યાર્થીઓ માટે 6 દિવસીય જીવન વિદ્યા પરિચય શિબિર એલડી આરપી કોલેજ ખાતે યોજાઇ હતી. તસવીર - ભાસ્કર

Scanned by CamScanner